સાલ : ૨૩ / સિલસિલાવાર નંબર : ૧૯૨ / શુમારો : ૬ — ફુલ પાના - ૧૬

بسم الله الرحمن الرحيم

مشكوة الهادي

MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. — ઝુલ કાઅદતિલ હરામ-ઝુલ હિજ્જતિલ હરામ ૧૪૪૭ / મે-જૂન ૨૦૨૬

# ૧૮ મી ઝુલહિજ્જહ – એક અહમ તારીખ

## -: મીસાક, બયઅત, અહદ, વાઅદો :-

ઝુલ હિજ્જતિલ હરામ, હિજરી સાલનો આખિરી મહીનો આવે તો મૌ.ઈબ્રાહીમ ખલીલુલ્લાહની સુન્નતે આલીયહ અને રસૂલુલ્લાહ બાવાજીની સુન્નતે અલવીયહ હમારી નઝરને સામે આવી જાય છે. બેવે રૂક્ન તહારત અને પાકીઝગીના રસ્તાઓ છે. એક ઝબીહતના સબબ અને બીજો બયઅતના સબબ, સેંકડો સાલથી આ સુન્નત જારીયહ, સારીયહ, કાઈમહ, દાઈમહ છે. હક્કના મુમેનીનમાં તે એક અહમ કિરદાર અદા કરે છે.

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં "મીસાક" ની ઝિક્રે ખૈર કરે છે. આ લફઝ ઘણો જ ભારી છે. સબબ એ છે કે, હમારૂં જહાન અને આલમ જિસ્માની છે, હમારી દુનિયા ફાની છે, હમેં કૈદમાં છે, હમારી આઝાદગી વાસ્તે એક આઅલામાં આઅલા વસીલાની ઝરૂરત હમને પડે છે. આ વસીલો એવો પાકીઝા, પુખ્તા અને પાયેદાર હોવો જોઈએ કે, જેની જડ અને બુનિયાદ આલમે બાકી સાથે હોય, આખેરતના ખૈર અંજામ સાથે હોય.

આ વસીલાનું એક જુદું જ આલમ છે. નૂરાની, કુદસાની અને રૂહાની આલમ છે. અલ્લાહતઆલાએ આ આલમને આ દુનિયાના આસ્માનો ઝમીન પહેલા પૈદા કીધેલું છે. તે આલમ અકલી અને ફરિશ્તાઈ આલમ છે. અલ્લાહતઆલાએ તેની હિકમત, મશયત અને કિબ્રીયાઈથી કોઈ પણ ચીઝને પૈદા કીધી તો છે, મગર સાથે સાથે તે મખ્લૂકથી સખ્તમાં સખ્ત મીસાક લીધેલો છે. **તૌહીદ અને ઇતાઅતનો મીસાક લીધેલો છે.** આ તે સાહેબો હતા કે, જેને અલ્લાહતઆલાએ તેની તૌહીદ અને શરીઅતની દાઅવત કરવાની અઝીમમાં અઝીમ ઝિમ્મેદારી સોંપી અને તેની મખ્લૂકના સરદાર બનાવા. ખાલિક તેનો મીસાક લે છે કે, જે બીજા પર સરદારી કરનાર હોય, તો ઝાહિર છે કે તેનો મીસાક કેટલો સખ્ત, ભારી અને અહમ હોય!

દરજાના સાહેબોનો અલ્લાહતઆલા નૂરાની આલમમાં ગૈબથી મીસાક લે છે, કેમકે તેઓ અલ્લાહતઆલાની આઅલામાં આઅલા પૈદાઈશો, જેમકે, કલમ-લોહ અને અકલ-નફસ સાથે જોડાયેલા છે. દાઅવતે ઈલાહીયહના દાએરામાં નુબૂવત, વસાયત અને ઈમામતનો દરજો ખૂબ ઊંચો છે, તેથી તે દરજા પર ફાઈઝ થાનાર સાહેબ મખ્લૂકમાંથી જે ઈન્સાનો હોય, તેઓના પૈરો હોય, ઈમાન રાખનાર મુમેનીન હોય, મુખ્લેસીન હોય તેઓથી મીસાકના પૈરાયામાં બયઅત લે છે.

અલ્લાહતઆલા આ દરજાના સાહેબોને ફરમાન કરે છે કે, જે વક્ત કોઈ શખ્સ આ આલમે તબીઅત (દુનિયા) માં પૈદા થાય અને એહતેલામવાલો થાય, જિસ્મ અને અકલથી પુખ્તા થાય તે વક્ત એનાથી તમેં બયઅત લો અને ઈમાનના દાએરામાં દાખિલ કરો. ઈમાન અલ્લાહતઆલાની તૌહીદથી શુરૂ થાય છે, તે પછી, નુબૂવત અને રિસાલતનો ઈકરાર, પછી ઈલાહી કિતાબો, ફરિશ્તાઓ, ઈસ્લામના અરકાન, ઈલ્મ સાથે અમલનો સાથ, હિસાબ-કિતાબ, મૌત-કબર-આખેરત, ખૈર-શર, ગૈબની નિશાનીઓ, ફના-બકા વગૈરહ બયઅતમાં શામિલ છે. (બકીયહ પેજ નં. ૨ પર)

**અલ્લાહતઆલા તમામ દૌરમાં તેની તખ્લીકનો મીસાક લે છે.**

(પેજ નં. ૧ નું બાકી)

**આમાં કોઇ તબ્દીલી નથી, કોઇ ઊમેરો નથી, કોઇ કમી નથી, કોઇ તરહની ગુંજાઇશ નથી.** આલમે બાલા (ફરિશ્તાઈ જહાન) માં જે તરહ મીસાક હતો, તે જ તરહ આલમે સુફલા (જિસ્માની જહાન) માં છે.

"અય મારા નબીઓ ! હું તમારો ખાલિક છું અને મૈં જે તરહ તમારો મીસાક લીધો એ તરહ તમેં તમારા લોગોથી વાઅદો લો. મૈં તમને રિયાસત, કિયાદત અને સરદારી સોંપેલી છે. તમને કુરસીએ કરામત પર બેસાડેલા છે. જે તમને ખબર છે તે તમારા નીચે તમને સરદાર માનનારાઓને ખબર નથી. મારા અને તમારા દરમિયાન જે મીસાકનું બંધન છે, તેને સાચવવું ફરઝ છે અને **તે જ મીસાકને તમને લોગોથી બયઅત લઇને દોહરાવવાનો છે.** તમને તમારા દરજાનો પાસ રાખવાનો છે અને મને આપેલા મીસાકની ઝિમ્મેદારી ઉચકવાની છે."

"મકામાતે ઈલાહીયહ" ના સાહેબોનો અલ્લાહતઆલા મીસાક લે છે અને તેઓથી હર ચીઝને ખરીદે લે છે. જાનો માલને લઇ લે છે. આ તરહની તિજારતને "**તિજારતે રાબેહા**" કહેવાય છે. આ ફાયદામંદ તિજારતના સબબ અલ્લાહતઆલા તેઓને આઅલામાં આઅલા અજર અતા કરે છે. દુનિયામાં જે જે ચીઝો તેઓના નઝદીક હોય છે, તે તેઓની નથી. આ ચીઝ તેઓ કુબૂલ કરી લે છે. **બકા વાસ્તે ફના થઇ જાય છે અને રાહત વાસ્તે આફતને ઓટી લે છે.** આ તિજારતની સમઝ તેઓ લોગોને આપે છે કે, અલ્લાહતઆલા દુનિયાવી ચીઝોના ઝરીએ મુમેનીનની આઝમાઇશ કરીને જન્નતની નેઅમતો બખ્શે છે. જે વક્ત નબી યા ઈમામ યા એમના નાઇબ મસ્નદે હક્ક પર પધારે છે તો લોગોથી આ તિજારતે રાબેહાની બયઅત લે છે. જેથી મુમેનીન એમના દરજાને માનીને એમને જાનો માલના માલિક તસ્લીમ કરી લે. મીસાકની આ સિફતનું નામ "**બયઅત**" છે.

શરીઅતના તમામ અરકાન ઉતરી ગયા બાદ, હુકમે ઈલાહી થયો કે, "અય રસૂલ ! તમેં પહોંચાડી દો કે જે ચીઝને તમારા પર નાઝિલ કરવામાં આવી છે. આ પૈગામમાં કુસૂર આગલી તમારી તમામ રિસાલતને ઝાયેઅ કરી દેશે. તમેં લોગોની પરવાહ ના કરો. તમેં નબી છો અને નબી પર ઈસ્મત છે, મારી રહેમત છે. આ પૈગામ અને હુકમ તે બયઅતે રિઝવાન છે." રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) એ ૧૦ હિ. માં ૧૮ ઝુલ હિજ્જહના દિન તમામ હુજ્જાજથી મૌ.અલીયુલ મુરતઝા વાસ્તે સફકત-બયઅત લીધી. જે મીસાક તમામ નબીઓ એ આપો હતો કે, તેઓ પોતાની જગા પર ફરમાને ઈલાહીથી એક વસી અને વઝીરને કાઈમ કરશે, પોતાના અધુરા કામો અને અમાનતોને સોંપી દેશે, એ સાહેબને કાઈમ કરીને હર નબીએ વાઅદો અને સુન્નત નિભાવી. તે જ મુજબ રસૂલુલ્લાહ બાવાજીએ તમામ ઉમ્મતથી મૌ.અલીયુલ મુરતઝા વાસ્તે બયઅત લીધી. તમામના મૌલા હોવાનું એલાન કીધું.

"**મીસાક**" ઘણો જ આઅલા છે. તેમાં હાથ પર હાથ મુકાતો નથી. "બયઅત" માં હાથ પર હાથ મુકાય છે. નબી, આપના વસી વાસ્તે ઉમ્મતથી બયઅત લે છે. લોગો વસીના હાથ પર હાથ મુકીને સફકત-બયઅત આપે છે. તો જ શરીઅત કામિલ થઇ શકે છે. વસી બાદ આપની નસલ-આલમાં આવનાર અઈમ્મતે હક્ક પોત-પોતાના ઝમાનમાં લોગોથી બયઅત લે છે, જેથી દીન તેની અસલી હાલતમાં કાઈમ રહી શકે.

નબી, વસી, ઈમામ યા આપના નાઈબ-દાઈ મસ્નદે હક્ક પર જલ્વાઅફરોઝ થાય, લોગોથી બયઅત લે તે બાદ જેટલા સાલ એમના માતહત ઝમાનો ગુઝરે, લોગોને દરમિયાન અલ્લાહતઆલાના હુજ્જત બનીને રહે, તે દૌરાન આપ લોગોથી હર સાલ યા ઝરૂરત પૈશ આવે એ મુજબ "**અહદ**" લે. મુમેનીનના ઘરોમાં ફરઝંદ-દુખ્તર સિન્ને બુલૂગ પર પહોંચે, બાલિગ થાય, અક્લો જિસ્મથી પુખ્તા થાય, તો ઉપર મઝકૂર સાહેબે હક્ક એ ફરઝંદ યા દુખ્તરથી દીનના પાબંદ રહેવાનો,

(બકીયહ પેજ નં. ૪ પર)

**તે વાસ્તે તેના નુમાઈંદા, જે તેના તરફથી મીસાક લેનાર હોય, તે મૌજૂદ હોય છે.**

# કહાની કાઅબાની

**કિસ્ત - ૧**

મૌ.અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રિ.અ.) બયાન કરે છે કે, રસૂલુલ્લાહ બાવાજી ફરમાવે છે કે, મૌ. આદમ સફીયુલ્લાહ (અ.સ.) આ ઝમીન પર નાઝિલ થયા, પધારા, ઈન્સાની કાલિબમાં પૈદા થયા, તે પહેલા કાઅબતુલ્લાહ જન્નતી યાઅકૂતના હતા અને તેના બે દરવાઝા હતા, ઝમર્રૂદના બનેલા હતા, ઘણા જ આલીશાન એક મશ્રિક તરફ ખુલતા હતા અને બીજા મગ્રિબ તરફ ખુલતા હતા. તેમા બેશુમાર જન્નતના કિન્દીલો લટકતા હતા. તેની રોશની સૂરજની રોશની કરતા પણ તૈઝ હતી. તેના સબબ આસપાસના ઈલાકાઓમાં નૂર ફેલાતું હતું.

કાઅબતુલ્લાહના બિલકુલ મુકાબિલ ઉપર ચોથા આસ્માન પર **"બયતુલ માઅમૂર"** છે. નૂરાની અને કુદસાની આલમમાં તે કાઅબતુલ્લાહને હમશબીહ અને હમમિસિલ છે. હર દિન ૭૦ હઝાર ફરિશ્તાઓ તેને તવાફ દે છે અને તેમાં દાખિલ થઈને તસ્બીહો તહેલીલ કરે છે. જેમ ઝમીન પર કાઅબાના તવાફ દેનારની કૈફીયત છે, તેમ આસ્માન પર તેની સૂરતે હાલ છે. કુદસાની કાઅબા પરથી કોઈ શખ્સ કોઈ શય-ચીઝ નાંખે, તો તે સીધી ઝમીની કાઅબાના છત પર આવીને પડે. ઝમીન પર એક વાર કાઅબાના તવાફ દેનાર ઈન્સાન પાછા ફિરે છે અને તવાફ દેયા જ કરે છે, મગર ફરિશ્તાઓ જે એક વાર તવાફ દે છે તે બીજી વાર કાઅબા તરફ વલતા નથી. આના પરથી અંદાઝો લગાવી શકાય છે કે, નૂરાની આલમમાં કઈ તરહ ફરિશ્તાઓનો શુમાર કરવો મુહાલ અને નામુમ્કિન છે.

અલ્લાહતઆલા મૌ.આદમ સફીયુલ્લાહને જે વક્ત જન્નતથી ઝમીન પર ઉતારવાનો ઈરાદો કીધો, તો આપને હિંદના સરંદીપ ટાપુ પર નાઝિલ ફરમાવા. તે જગા પર આપને ખૂબ બેકરારી પૈદા થઈ. કાઅબતુલ્લાહ ની ઝમીન તરફ જાવાનો શૌક અને ઈન્તેઝાર વધતો ગયો. આપને આપની ઈબાદતમાં કોઈ ગમી અને ખાલીપણનો એહસાસ થાયા કીધો. આપ જે વક્ત ઈબાદતે ખુદા વાસ્તે ઊભા થાય તો આપના કદમ ધ્રુજવા લાગે, આપનું પૂરૂં બદલ કાંપવા લાગે, જેમ એક જહાઝ તૂફાનના દરમિયાન દરીયામાં પાનીમાં લરઝે છે. આપના દિલમાં ખૌફ તારી થયો. આપ મગફેરત-તલબી વાસ્તે દિન-રાત તસ્બીહે ખુદામાં મશ્ગૂલ રહ્યા.

આપના જિસ્મમાં દરહમી-બરહમી, તહો બાલાઈ મચેલી હતી. તે વક્ત અલ્લાહતઆલાએ આપના ઉપર સકીનું ઉતારૂં. આ સકીનું તે તાઈદ છે કે, જેના સબબ આપના દિલમાં કરાર અને સકનત પૈદા થઈ. આપ સરંદીપ ટાપુથી હિજાઝની ઝમીન તરફ પધારા અને **કાઅબતુલ્લાહની મુબારક જગાના હરમે આમિનમાં ઉતરા.** આપને તે જગા ખૂબ જ ઈત્મિનાનનો અહેસાસ થયો. અલ્લાહતઆલાએ આપને હરમમાં વસાવીને આપના ઉપર ખૂબ કરમ ફરમાવો. આ તે જ બાબરકત જગા હતી કે, જેના ઉપર આવનાર હરએક શખ્સની તૌબા કુબૂલ થાનાર હતી. હરએકની આખેરત સુધરનારી હતી.

અલ્લાહતઆલાએ આપને તે ફઝલથી નવાઝા કે જે બેમિસાલ હતો. આપના વાસ્તે **" હજરે અસ્વદ "** નો તોહફો નાઝિલ થયો. તે વક્ત આ જન્નતી પત્થર "અસ્વદ" ન્હોતો બલકે **" અબ્યઝ "** હતો. યાઅની કે, સફેદ મોતી જેમ ચમકતો હતો, તેમાં કાલાશ ઝરા પણ ન્હોતી. આપે તે હજરને જમણા હાથમાં લીધો અને ઈકરામથી છાતીથી લગાવી દીધો. સીના પર મુકતાને સાથે જ આપને અજબ તસ્કીને દિલી પહોંચી અને તમામ **વહેશત, ખૌફ અને બેકલી** દૂર થઈ ગઈ.

આપ તે જગા પર રહેવા લાગા, તવાફ દઈને તૌબા કરવા લાગા. કાઅબતુલ્લાહની દીવારોને ઊંચી લીધી. જે જગા હજરે અસ્વદને મુકવાનું ઈલાહી ફરમાન હતું, સકીનું જેમ જેમ હિદાયત દેતું હતું, તેમ તેમ આપ અમલ કરતા હતા. આપે હજરે અસ્વદને મુકા તો અલ્લાહતઆલાએ આપનો મીસાક લીધો. ઘણો જ સખ્ત મીસાક લીધો અને તેના શાહિદ (બકીયહ પેજ નં. ૩ પર)

**મીસાક લેનારના માથા પર અલ્લાહતઆલા તરફથી ઈસ્મત હોય છે.**

(પેજ નં. ૩ નું બાકી)

હજરે અસ્વદને રાખા. ફરિશ્તાઓની હાઝિરીમાં તે જગા નૂર નાઝિલ થયું અને આપની પૈશાની પર ચમકું. **આપનું દિલ તે મીસાકના સબબ મુનવ્વર થયું અને ફરિશ્તાઓ આપના ખિદમતગુઝાર થયા.** આપના ઉપર સલવાતો સલામ પઢવા લાગા. આપ સાલો તક તવાફ દેતા રહ્યા. તૌબા કરતા રહ્યા. અલ્લાહતઆલાની રઝા તલબ કરતા રહ્યા. પોતાના ગુનાહોંની મુઆફી વાસ્તે રોતા રહ્યા.

અલ્લાહતઆલાએ આપની તૌબાને કુબૂલ ફરમાવી અને આપને ફરમાન કીધું કે, "આપના બાદ આવનાર આપના મુમેનીન, આપને નબી માનનાર, આપ પર ઈમાન લાવનારનો આપ આ **હજર મુબારકને શાહિદ રાખીને બયઅત લો** અને એમને હિદાયત દો કે, તેઓએ આપના હાથ પર અલ્લાહતઆલાને શરીઅત પર પાબંદ રહેવા, તેના ઉપર ચાલવાનો મીસાક આપેલો છે. તેઓ આપના પૈરો બનશે, આપના કહ્યા મુજબ અમલ બજા લાવશે તો જ તેઓ અલ્લાહની વહેદાનીયત અને તેના નબીની નુબૂવત અને તેને લગતા કાનૂનને માના, એમ ગિનાશે." ✯

---

(પેજ નં. ૨ નું બાકી)

એમને આપેલી હિદાયત પર ચાલવાનો અહદ લે છે જેને આમ ઝબાનમાં "**અહદે ઇમામુઝ્ઝમાન (અ.સ.)**" કહેવાય છે.

બાલિગ થયેલા ફરઝંદ યા દુખ્તર જે વક્ત દાઈયુઝઝમાનના હાથ પર અહદ અરઝ કરે છે તો તે નૂરાની આલમમાં મીસાકની શિક્લમાં ઈમામુઝઝમાન (અ.સ.) તરફ રફઅ થાય છે, પહોંચે છે. જેમ આ મીસાક એ ફરઝંદ કે દુખ્તરને કુદસાની જહાન સાથે તઅલ્લુક કરી આપે છે, તેમ હઝરતે ઈમામુઝઝમાન (અ.સ.) થી એ ફરઝંદ યા દુખ્તરમાં "**નુકતતુન્નૂર**" યાઅની નૂરનું નુકતું દાખિલ થાય છે અને નૂરાનીયત સાથે જોડાયને એ દાએર એ ઈમાનમાં શામિલ થઈ જાય છે. મુમેનીન યા મુમેનાતના મજમાઅમાં દાખિલ થઈ જાય છે. **૧૫ સાલની ઉંમર, સિન્ને બુલૂગની ઉંમર કહેવાય છે.** જે વક્ત ફરઝંદ યા દુખ્તર આ ઉંમર પર પહોંચે તો એના વાલેદૈન પર વાજિબ છે કે, એના અહદ વાસ્તે તૈયારી કરે. આ ઉંમર પર ૮ જન્નતો અને ૭ જહન્નમોનો ઈકરાર કરવો વાજિબ છે, તો જ એની બાકીની ઝિંદગી રાહે રાસ્ત પર આગલ વધશે.


મીસાક અને બયઅતનો દાએરો અહદ કરતા મોટો છે. અહદનું બીજું નામ વાઅદો-મીસાક છે. મીસાક યા બયઅત જે વક્ત સાહેબે હક્કને અપાય છે તો તેમાં આપનાર ચંદ ચીઝો વાસ્તે અહદ આપે છે કે, જેની પૂછની અલ્લાહતઆલા મીસાકને સાથે આપેલા અહદની કરશે. બદ-નૈક, શર-ખૈર, બદતર-બહેતર, બુરૂં-ભલું, અખ્લાકે કબીહા-અખ્લાકે હમીદા, ખરાબ-અવલ, હરામ-હલાલ વગૈરહ વાસ્તે અહદ લેવાય છે અને તેના ઉપર અહદ આપનાર શું બરાબર ચાલે છે, એનો સવાલ હર વકત સાહેબે હક્ક કરા કરે છે.

મીસાકની ઈબારતે મુબારક યાઅની અરબી લખાણ કે જેમાં "**નઅમ**" આવે છે, તે પઢા બગૈર પણ કોઈનાથી અહદ લઈ શકાય છે. સાહેબે હક્કની નઝરમાં કોઈ શખ્સ વાસ્તે કોઈ શક પૈદા થાય, કોઈ અમલમાં કુસૂર દેખાય તો આપ એનાથી અહદ લઈ શકે છે કે, બીજી વાર એ એવી ખતા યા કુસૂર નહીં કરે. અહદ કોઈ પણ વક્ત કોઈ પણ જગામાં લઈ શકાય છે. અગર મીસાક યા બયઅત એક મોટું દરખ્ત હોય તો તેમાં અહદ નાના-નાના તેના માંથી નિકલેલા ડાલાઓ છે. લેહાઝા, મુમેનીનને પોતાનો મીસાક બરકરાર રાખવા વાસ્તે દાઈયુઝઝમાન સૈ.અબૂ સઈદિલ ખૈર હાતિમ ઝકીયુદ્દીન સાહેબ (ત.ઉ.શ.) ને જે નાઈબે ઈમામુઝઝમાન (અ.સ.) છે, એમને હર સાલ ૧૮ મી ઝુલહિજજહના દિન, બયઅતે ગદીરે ખુમ્મના દિન, અલી મુશ્કિલકુશાની તાજપોશીના દિન, અહદ આપવો જોઈએ. અલ્લાહતઆલા હમને આ હબ્લુલ્લાહિલ મતીન, તેની મઝબૂત રસ્સીથી વિલગેલા રાખે, જોડાયેલા રાખે અને હમને રૂહાની આલમ તક પહોંચાવી દે. આમીન. ✯

**આલમે રૂહાનીમાં અલ્લાહતઆલા ફરિશ્તાઓનો મીસાક લે છે.**

## લફઝી કશ-મ-કશ

**❋ ઉભી તરકીબ :**






૧) આ તમારી હરકત તમારી શખ્સીયત વાસ્તે બજા બિલકુલ નથી પણ ------- છે. (૨)
૨) હરએક ચીઝ અલ્લાહતઆલાની લૈલો ------- તસ્બીહ કરેચ. દિન-રાત તેને યાદ કરેચ અને તેના અહેસાનનો શુક્ર કરેચ. (૩)
૩) જિસ્મને જો ---- લાગેચ, તો તે પાનીસી પોતાની પ્યાસને બુઝાવેચ અને જો જાનને તલબ લાગેચ તો તે ઇલ્મથી તેની પ્યાસ દૂર કરેચ. (૩)
૭) કોઇને તરફસી ------ પહોંચી હોય તે તેને બરદાશ્ત કરવા પાછલ ગુનાહોંનો કફ્ફારો હોય સકેચ. (૨)

**❋ આડી તરકીબ :**

૨) હરએક દીનના રૂકનને તેની અસલીયત, તેના હક્ક અને તેના વક્ત મુજબ અદા કરવામાં આવે, તો તે ----- ની રાહને હમવાર કરેચ. (૩)
૪) "યાસીન", "હામીમ" અને "તાસીન" મુજબ ----- પન બેહરફી તૂટેલા હરફો છે, જે કુરઆને કરીમની સૂરતના ઇબ્તેદામાં ઇસ્તેમાલ થાઇચ. (૨)
૫) સાઇલને ---- કરી દેવો તે મુમિનની નેક ખસ્લતોમાં શુમાર થાતું નથી. (૨)
૬) રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) તમામ અંબિયાના ------- છે. યાઅની કે, નબીઓના સરદાર કે, જેમની સરદારીને માતહત પૂરી દુનિયાના ઊમૂર આવી જાઇચ. (૩)



**ગયા શુમારાના લફઝી કશ-મ-કશનો ખુલાસો :-**

**નોંધ :** લફઝી કશ-મ-કશના કૉલમના સવાલાતનો હલ આ સાથે જ આખિરમાં ઊંધા જવાબો પ્રિન્ટ કરીને આપવામાં આવો છે. કારેઇનથી ઇલ્તેમાસ છે કે, પહેલા સવાલાતને હલ કરવાની કોશિશ કરે અને પછી ખુદ જ પોતાના જવાબો સહી છે કે ગલત, તેની તફતીશ કરે.✯

## વાંચો, યાદ રાખો અને જવાબ આપો

મિશ્કાતુલ હાદી અખ્બારનું આ ૨૩મું સાલ છે. કારેઇનના ઇલ્મી ઝૌકો શૌકના સબબ તેમાં શાયેઅ થાનાર હર મઝમૂન ને ખૂબ જ ગૌરથી અને દિલચસ્પીથી વાંચે છે. જેમ લફઝી કશમકશ ઇલ્મી કસૌટીનો એક ઝરીઓ બનેલો છે, તેમ આ કોલમમાં હમેં ચાલુ શુમારા માંથી ટોપિક્સ શાયેઅ થયેલા હોય તેમાંથી જ ચંદ સવાલો આપને દરમિયાન આપીશું. ટોપિક્સ ધ્યાનથી વાંચીને આપને તેના જવાબો તલાશ કરવાના છે અને પોતાના ઇલ્મ અને યાદદાશ્તને ચકાસવાની છે. સવાલોના આખિરમાં તેના જવાબો ઉલટા પ્રિન્ટ કરવામાં આવા છે. જેના સબબ આપ ખુદ તેને વાંચીને પોતાનો જવાબ ખરો છે કે ખોટો તે જાણી શકો.

**સવાલો :**

(૧) ચોથા આસમાન પર જે કાઅબતુલ્લાહ છે, તેના હર દિન કેટલા હઝાર ફરિશ્તા તવાફ દે છે ?
(૨) અલ્લાહતઆલાએ ક્યા આલમને આસમાનો અને ઝમીન પહેલા પૈદા કીધેલું છે ?
(૩) મૌ. આદમ સફીયુલ્લાહ (અ.સ.) વાસ્તે કયો જન્નતી તોહફો નાઝિલ થયો ?
(૪) મૌ. હાજરહ (અ.સ.) એ કયા કબીલાના લોગોને કાઅબતુલ્લાહના નઝદિક હરમમાં રહેવાની ઇજાઝત આપી હતી ?
(બકીયહ પેજ નં. ૧૦ પર)

**મીસાકમાં પહેલામાં પહેલા અલ્લાહતઆલાની માઅરેફત આવે છે.**

## મરસીયહ અલવીયહ

આ મરસીયો સૈ. અલી શમ્સુદ્દીન બિન સૈ. ઈબ્રાહીમ અશ-શહીદ (આ.કુ.) અલ-મરહૂમનો છે આ સાથે આપનો દુશ્મન, જે કાસિમજી લઈનના સાથીદારૌ સંગસારીને લાઈક અને લાઅનતને કાબિલ, તેઓના ઝુલ્મની ઝિક્રનો છે.

આ મરસીયો અરબી ઝબાનમાં છે કે, જેને તસ્નીફ કરનાર ૩૧માં દાઈએ મુત્લક સૈ.હસન બદરૂદ્દીન બિન સૈ. વલી સાહેબ (આ.કુ.) છે.

(૧) મુસીબતોના બેશુમાર વાદલો અહલે હિદાયત પર હાવી થયા કે, જેની કોઈ હદ્દ ન હતી.

(૨) તરહ-તરહની બલાઓ એક પછી એક આવતી ગઈ કે, જેની કોઈ નિહાયત અને કોઈ છેડો ન હતો.

(૩) એક એવી વારેદાત બની કે જે આવનાર ઝમાનાને વાસ્તે એક ઈબરત અને સબક સાબિત થઈ.

(૪) તેમાં પહેલી એ હતી જે રિવાયતના લોગો કહે છે કે, સૈ.અલી સાહેબની પુરદર્દ શહાદત વાકેઅ થઈ.

(૫) લઈન કાસિમજીએ ગદ્દારીથી ઈશાના વક્તમાં એની તલવારથી આપની ગરદન પર ઝરબત મારી.

(૬) તે બાદ ચંદ મહીના પછી અલ્લાહતઆલા તરફથી પૈગામે મૌત આવો. દાઈએ હક્ક સૈ.ઝકીયુદ્દીન સાહેબના ઈન્તેકાલનો.

(૭) અલ્લાહતઆલાની કઝા જારી થઈ અને દાઈએ હક્કની રૂહ આ દારે ફાનીમાંથી રહેલત કરી ગઈ.

(૮) અલ્લાહતઆલાનો હુક્મ પોતાના મખ્લૂકને દરમિયાન જારી થાય છે તે વક્ત મૌતથી ગમે એવો તકબ્બુરીમાં અંધો શખ્સ છુટી નથી શકતો.

(૯) આ મકતૂલ સૈ.અલી સાહેબ, એમના ગમના ઝખમ ઝમાનએ તવીલ તક બાકી રહ્યા તેથી મુમેનીનની ગમની શિકાયતમાં કોઈ તસલ્લી ન થઈ.

(૧૦) હરએક મુમિન અને હરએક અહલે વલા જેના ઉપર ઈનાયતે દાઈયુઝઝમાન હતી, તેઓને આ સદમાએ ઘેરી લીધો.

(૧૧) આ આંચકાથી ઝિયાદહ સખ્ત કોઈ બીજો આંચકો ન હતો કે જે ભૂંડા અને શકી લોગોથી અપાયો.

(૧૨) હવે આ તૂટી ગયેલો નિઝામ પાછો બહાલ કરવા ગમે એવી ઈસ્લાહની કોશિશ કીધી, પણ અકલો તે વાસ્તે હૈરાન થઈ ગઈ.

(૧૩) ઝમાનો એ તરહનો હતો કે કોઈ વક્ત બહેતર-શીરીન અખ્બાર અને કોઈ વક્ત તલ્ખ-કડવા અખ્બાર, હિકાયત અને સબકના પૈરાયામાં આવતા હતા.

(૧૪) પણ આ મૌકા ઉપર સબર કરવું લાઝિમ હતું તે શખ્સને વાસ્તે કે, જે અલ્લાહતઆલાના દીનમાં વલાયતને મરકઝીયત આપે.

(૧૫) શું કામ કે આ મૌકા પર જઝાઅ-ફઝાઅ કરવું ઘણું બુરૂં અને હલકું છે એ શખ્સની ઝબાનથી કે જે કોઈ સખ્ત દિલ રાખે.

(૧૬) એ કોઈ અલ્લાહતઆલાના નઝદીક એવી મુસીબત પર હકીકી સબર કરશે, તો તે હશ્રના દિન એના પર રહેમ અને હિમાયત ફરમાવશે.

(૧૭) કેમકે, તું જોઈ છે કે, અલ્લાહતઆલા જે ખાલિકે કાએનાત છે, તેના સામે કોઈ જમાઅ-ફઝાઅ કરે, તો એ કેયામતના દિન અલ્લાહની ઈનાયતથી મહેરૂમ થઈ જાય છે.

(બકીયહ પેજ નં. ૧૦ પર)

**તૌહીદ બાદ તેની શરીઅત, તેના કિતાબ અને તેના વલીની માઅરેફત આવે છે.**

# ઝૈદનો અંજામ

**કિસ્ત - ૧ (અપની ઝબાન)**

અપના ચોથા ફાતેમી ઈમામ મૌ.મોહંમદુલ બાકિર (અ.સ.) ને નઝદીક આપના ઝમાનમાં જગે જગેસી નાના-મ્હોટા આલિમો ઈલ્મને હાસિલ કરવા આવતા હતા. આપની ઈલ્મી સોહબત ઈખ્તિયાર કરવી તેઓને વાસ્તે લ્હાવો હતો. પૂરા આલમમાં આપ જ એક એવા આલે મોહંમદ (સ.અ.) ના બેનમૂન ઈલ્મી મોતી હતા કે, જેમના ઝરીઆસી દીને હક્કની અસલી રોશની નુમાયા થઈ સકતી હતી. રસૂલુલ્લાહ બાવાજી સાહેબની નુબૂવત અને વલીયુલ્લાહ માઁ સાહેબાની વસાયતની પાકીઝા નહેરોનું આબે હયાત પી સકાતું હતું.

જિમ-જિમ આપની ઈમામતના અય્યામ ગુઝરતા ગયા, દિન-બ-દિન આપના ઉપર લોગોની મોહબ્બત ઝિયાદહ થાતી ગઈ. આ તરહની આપની ઈલ્મી કૈફીયત જોઈને આપનો ભાઈ ઝૈદ બિન મૌ.અલી ઝૈનુલ આબેદીન (અ.સ.) **હસદની આગમાં બલવા લાગો.** આપના નૂરે ઈમામતની શોહરત એનાસી બિલકુલ બરદાશ્ત ના થઈ. તે વક્ત ઝૈદ આપની મુલાકાત વાસ્તે આવો અને અરઝ કરવા લાગો કે, "અય ભાઈ મોહંમદ ! તમેં આ તરહ ઈલ્મી મજલિસો જ કરતા રહેસો ! અપનું ઘર નુબૂવતનું ઘર છે. દુશ્મનો જે અપનો હક્ક લઈને બેસેલા છે, તેમનાસી જેહાદ કરવી અપની ફરઝ છે. તમેં ઘરમાં સું કામ બેસી રહ્યા છો ! **ચલો ઉઠો ! તલવાર લઇને બાહર નિકલો.** લોગોને ઈન્તેઝાર છે કે, તમેં તમારો હક્ક હાસિલ કરો. તમને સાથ આપવામાં લોગોને ખુશી છે."

"અય ભાઈ મોહંમદ ! તલવાર પકડવું તે આપનો હક્ક છે અને વક્તની માંગ છે." આપે ઝૈદને રોકી લીદો અને ફરમાવું કે, "તમેં કોઈ તરહની જલ્દબાઝી ના કરો. હું તમારી વાતને સાંભલવા બેસેલો છું પણ તેના ઉપર અમલ કરવો કે ના કરવો તે અલ્લાહતઅલાની તાઈદ અને હિકમત પર મબ્ની છે. અય ઝૈદ ! હમના અપનો વક્ત તલવાર પકડવાનો નથી. ઝાહિર થઈને લોગોને સાથે લઈને હક્ક સાબિત કરવાનો નથી. મગર બાતિનમાં ઈમામતના ઊમૂરને ઉસ્તૂવાર કરવાનોચ. **અપના નાનાજી સાહેબ અને બાવાજી સાહેબ જે હિદાયતની ઝિમ્મેદારી અપને સોંપીને ગયાચ તે પર હર હાલમાં ચાલવાનુંચ.** દુશ્મનો સાથે જંગ કરવી તે હાલમાં ઝમાનાનો તકાઝો નથી."

ઝૈદે આપની હઝરતે મોહંમદીયહથી રૂખ્સત લીધી. એનું દિલ ભારી હતું. એના મનમાં પૈચીદગી હતી. એના ઝહેનમાં ફસાદનું તલાતુમ ઉભરી રહ્યું હતું. એના ગલે ઈમામની વાત ઉતરી ન્હોતી. કઈ કરવા વાસ્તે એના ઝહેનમાં શિતાબી અને બેકરારી પૈદા થઈ. એને થઈ ગયું કે, ઈમામ એની વાત સાંભલનાર નથી અને એ એના મકસદને પહોંચનાર નથી. તે વક્ત ઝૈદ ઈબ્લીસી ફિકરો ખયાલ પર આવીને પોતે દાઅવો કીદો. પોતે ઈમામ હોવાનું ઝાહિર કીદું. પોતે જ રસૂલુલ્લાહ બાવાજીના અહલે બૈત માંસી છે એમ બોલવું શુરૂ કરી દીદું.

દાઅવો કીદો કે, "હું આલે મોહંમદનો હક્ક લઈને કાઈમ થયો છું. જે શખ્સ હાથમાં તલવાર પકડે તે હમારા માંસી છે. અહલે બૈતના હક્કને ઝાહિર કરવાનો આ જ એક તરીકો છે. જે શખ્સ ખામોશ થઈને ઘરમાં બેસી રહે, એક ગોશામાં કુરઆન પઢીને લોગોને સમઝાવે એ હમારા માંસી નથી. **જેના હાથમાં તલવાર હોય, એ જ ઇમામ છે.** મારા સિવાય કોઈ આ હક્કને લાઈક નથી."

આ મુજબના ફાસિદ અને ફિત્નાવર બોલસી ઝૈદ લોગોને બહેકાવતો રહ્યો, ફિસલાવતો રહ્યો અને તલવાર બતાવીને લોગોના જઝબાત ને હવા આપતો રહ્યો. આ વાત જંગલની આગ જિમ મદીનામાં અને તેના અત્રાફના કરીયાઓમાં (બકીયહ પેજ નં. ૮ પર)

**હર હાલમાં મીસાકને નિભાવવો ફરઝ બની જાય છે.**

## ઝમઝમ

મૌ.ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.) ના દીકરા મૌ.ઈસ્માઈલ ઝબીહુલ્લાહ (અ.સ.) વાસ્તે આપની હરમે કાઅબામાં ઠોકર લાગવાના સબબ અને આપની પ્યાસ બુઝાવવાના મકસદથી મૌ.જિબ્રઈલ (અ.સ.) એ બહુક્મે ઈલાહી પાનીનો એક ચશ્મો રવાઁ કીધો, રૂનુમા કીધો. આ બાબરકત અને બાશિફા ચશ્માનું નામ **"ઝમઝમ"** છે, જે આજે પણ ઝાઈરીનની પ્યાસને બુઝાવીને પાકો સાફ કરે છે.

તારીખમાં બયાન આવેલું છે કે, જુરહમ કબીલામાંથી એક ગિરોહનો ત્યાં મક્કાની મુકદ્દસ ઝમીન પરથી ગુઝર થયો. તેઓ તિજારત વાસ્તે એક કાફલાની શિક્લમાં શામ તરફ જાતા હતા. તેઓની નઝર પરિંદાઓ પર પડી કે, જે તે જગાના આસ્માન પર ચક્કર લગાવી ઉડી રહ્યા છે. તેઓને યકીન થયું કે, મુકર્રર આ પરિંદાઓ તે જગાના મુકીમ છે અને તે જગા જમન-પાની છે, તેથી તેઓ આસ્માન પર ચક્કર લગાવી રહ્યા છે. પરિંદાઓની ગરદિશ જોઈને તેઓ કાફલો લઈને કાઅબાના હરમમાં આવા અને ઝમઝમના પાનીની જગા તરફ આવા.

મૌ.હાજરહ આપના ફરઝંદ મૌ.ઈસ્માઈલ સાથે ત્યાં હાઝિર હતા. કાફલાવાલા મૌ.હાજરહની મુલાકાત વાસ્તે આવા. આપે તમામને ઈકરામ આપો અને મૌ.ઈબ્રાહીમ નબીની દાઅવત તરફ બોલાવા. તેઓ મૌ.હાજરહને કહેવા લાગા કે, "અગર આપની રઝા હોય, **તો હમેં ચંદ અય્યામ તક યહાઁ રહેવાનો ઇરાદો રાખીએ છે.** હમારી ખુશબખ્તી હશે કે, હમેં આપની સોહબતથી હિદાયત હાસિલ કરીએ અને નેકીની રાહને ઈખ્તિયાર કરીએ."

"આ પાનીનો ચશ્મો **"ઝમઝમ"** હરમે કાઅબાની બરકત છે અને તેનાથી કાઅબાને તવાફ દેવા આવનારને અન્સત અને રાહત મિલે છે. આપના રબ તરફથી તે એક આપના હાથ પર ઝાહિર થયેલો એક બેનમૂન ઝિંદા મોઅજિઝો છે. તેનાથી ફૈઝ લેવા હમેં યહાઁ રૂકવાનો ઈરાદો કીધેલો છે. **આપ તે ઝમઝમના માલિકન છો, આપના હાથમાં તેની અમાનત છે અને આપની ઔલાદમાં તેની શિફા છે."**

મૌ.હાજરાહ એ તે જુરહમ કબીલાના કાફલાવાલાને હરમમાં રહેવાની ઈજાઝત આપી. તે વક્તથી એમ કહેવાય છે કે, મક્કામાં તમામ કરતા પહેલા કાઅબાને નઝદીક જે આબાદી થઈ તે જુરહમ કબીલાની થઈ અને તે બાદ આબાદી વધતી ગઈ અને મુખ્તલિફ કબીલાઓની અવરજવર તે મુબારક જગામાં થાતી ગઈ. પણ કાઅબાના મહેમાનોની ખિદમતની ઝિમ્મેદારી ઔલાદે મૌ.ઈસ્માઈલ ઝબીહુલ્લાહના માતહત જ રહી. ☆

---

(પેજ નં. ૭ નું બાકી)

ફેલાતી ગઈ. ઈમામ (અ.સ.) ના શીઆઓના દરમિયાન કહેવા લાગો કે, "મૈં મારા ભાઈ મોહંમદુલ બાકિરના હુક્મસી લોગોને મારી તરફ દાઅવત કરૂંચ. મને મખ્ફીમાં કહ્યું છે અને જે મારા ભાઈની ઈમામતને ખિલાફ જાય એના વાસ્તે તલવાર પકડવાનો હુક્મ કીદો છે." આ તરહની બેબુનિયાદ વાતોને ઝૈદ લોગોમાં કહેતો રહ્યો.

આનો નતીજો હિવો થાય કે, કિતલા મુઝબઝબ લોગો, જાહિલ, મતલબપરસ્ત, દુનિયાપરસ્ત લોગો ઝૈદની ખોટી વાતોમાં આવી ગયા. ઝૈદી ગિરોહ વધતો ગયો. ઝૈદ લોગોમાં તમાશો વધારતો ગયો. જૂઠી કસમો ખાઇને પોતે કઇ તરહ ઇસ્લામી સલતનત કાઇમ કરસે અને એને સાથ આપનારની કઇ તરહ કિસ્મત ચમકી ઉઠસે, તિવા ખયાલી પુલાવ પકાવતો રહ્યો અને દિવસમાં લોગોને તારાઓ બતાવતો રહ્યો. એના ચાલાક ઝહેન, શીરીન ઝબાન, શયતાની મકરો દગા અને લીસી-લીસી વાતોમાં લોગો ફસાતા ગયા અને હક્કની રાહસી દૂર થાતા ગયા. ☆

**અલ્લાહતઆલાના વલી તૌહીદની શરતો અને શરીઅતના કાનૂનોની પાબંદી કરવાનો મીસાક લે છે.**

## અક્લવાલા વાસ્તે ૮ નિશાનીઓ

કુફ્ફારે અરબની હમેશા એવી આદત રહી છે કે, તેઓ અહલે ઈસ્લામના બુનિયાદી ઊસૂલ અને અલ્લાહતઆલા પર મુખ્લિસાના ઈમાન લાવવા પર તાઅનાકશી કરે, ઈલ્ઝામ લગાવે અને બોહતાનદેહી કરીને નીચા દેખાડવાની નાદાનીભરી હરકતો કરે. મક્કા હોય યા મદીના હોય, કુરઆને કરીમમાં અકસર સૂરતોમાં અલ્લાહતઆલાની તૌહીદ, તેની એકોકારી, તેની કુદરત, તેની મશયત અને તેની તખ્લીક પાછલની હિકમતની ઝિક્રે ખૈર આવેલી છે. અશરફમાં અશરફ મખ્લૂકાત જે ઈન્સાન છે, એને અલ્લાહતઆલા કિતાબને ઝરીએ યાદ અપાવે છે કે, અલ્લાહતઆલાની ચંદ પૈદાઇશો અને કુદરતી અજાઇબાતના સામે ઈન્સાન કેટલો બેબસ છે, કમ્ઝોર છે યા તાકતના લેહાઝથી નાકાબિલ છે.

રસૂલુલ્લાહ બાવાજી પર જે વક્ત વહ્યે ઈલાહી નાઝિલ થઈ કે, **"તમારો ખુદા, તે એક જ ખુદા છે, તેનો કોઇ જ શરીક નથી. તે કુશાદા રહેમતવાલો અને કરમબખ્શી કરનાર છે."** કુફ્ફારને નઝદીક જે વક્ત આ વાત પહોંચી તો કહેવા લાગા કે, "અય મોહંમદ ! જે તમેં એક ખુદાની વાત કરો છો તો હમારા નઝદીક કોઈ પુખ્તા દલીલ તો લાવોં કે હમેં તમારી વાતને માનીએ કે એક જ ખુદા છે, બીજો નથી." નબી સાહેબે ફરમાવું કે, "**એક ખુદાની દલીલ વાસ્તે આ કાએનાત કાફી છે,** જો તમેં એક ઘડી પણ અલ્લાહતઆલાની કુદરતોમાં નઝર કરશો તો તે જાણે ઊંડો દરીયો છે, તેમાંથી હિકમતના અજીબો ગરીબ મોતીઓ નઝર આવશે કે, જે તમારી અક્લને હૈરાનીમાં નાંખી દેશે. અય લોગો ! એક ખુદાની દલીલ વાસ્તે કઈ સફા-મરવાની ટેકરીને સોનાની બનાવવાની કોઈ ઝરૂરત નથી."

નબી સાહેબે ફરમાવું કે, જો તમારી અક્લ સલામત હશે તો અલ્લાહતઆલાની વહેદાનીયતથી તે રોશન થઈ જાશે. અલ્લાહતઆલા અક્લવાલાઓ પર ઘણી જ નવાઝિશ કરે છે અને તેઓને ખુલ્લી નિશાનીઓ બતાવી દે છે. આ નિશાનીઓ માંથી ૮ ચીઝો એવી છે કે, ઈન્સાનનો તેના ઉપર કાબૂ નથી અને તે અલ્લાહતઆલાની કરિશ્માઈ અને કિબરિયાઈમાંથી છે :

(૧) અસ્માનોં અને ઝમીનની પૈદાઇશ.
(૨) રાત અને દિનનું આવ-જા કરવું.
(૩) દરીયાઓમાં વાહનોનું ચાલવું કે જેથી તિજારતી ફાયદાઓ થાય.
(૪) આસ્માનથી વરસાદી પાનીનું ઉતરવું.
(૫) પાનીથી મુર્દા ઝમીનનું ઝિંદા થાવું. ખેતી અને ફલ-ફૂલ ઉગવા.
(૬) ઝમીનમાં હર કિસ્મના હવાઈ, દરીયાઈ અને ઝમીની જાનવરોનું પૈદા થાવું.
(૭) હવાઓનું મુખ્તલિફ રૂખમાં ગરદિશ કરવું. મૌસમની કૈફીયતનું બદલાવવું.
(૮) આસ્માન અને ઝમીનના દરમિયાન વાદલોનું ફિઝામાં અધ્ધર રહેવું અને હવાઓ સાથે ઉડવું.

આ આઠે ચીઝોમાં અક્લમંદો વિચાર કરે તો માઅલૂમ થાય કે, શું આટલી અઝીમ અને બેમિસાલ ચીઝોની પૈદાઈશ ખુદ-બ-ખુદ થઈ શકે ? પૈદા થયા બાદ શું તે ચીઝો એકબીજા સાથે બગૈર કોઈ તસાદુમ-ટકરાવ મુન્સલિક અને ગહેરા તઅલ્લુકથી કાઈમ રહી શકે ? **હરગિઝ નહીં. આ જ ખુલ્લમખુલ્લા દલીલ છે કે, આ ચીઝોનો ખાલિક છે અને તે જ તમામ પર કુદરત રાખનારો છે.** ☆

**મીસાક એક વક્ત નહીં મગર અનેક વક્ત આપવો લાઝિમ હોય છે.**

(પેજ નં. ૬ નું બાકી)

(૧૮) તો અય મારા ભાઈઓ ! બેવે હાલમાં સબ્ર કરવું તમારા ઉપર લાઝિમ છે, તે વાત ઉપર કે જે તમારા ઉપર ઝાલિમ લોગો તરફથી પણ ગુઝરે.

(૧૯) કેમકે, આગલા વક્તમાં રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) અને આપની ઈતરત મુસીબતઝદહ થઈ છે અને વસાયતના સાહેબ મૌ.અલી મુશ્કિલકુશા (અ.સ.) પણ મકતૂલ થયા છે.

(૨૦) મૌ. ફાતેમતુઝઝહરા (અ.સ.) અને આપના બેવે ફરઝંદો આ જ તરહથી બદકાર લોગોના સિતમના લીધે મુબ્તેલાએ ગમ થયા હતા.

(૨૧) દોઆતે હક્ક (રિ.અ.) અને વલાયતના હક્કના લોગો કિસ્મ-કિસ્મની આફતો બલામાં ઘેરાયા હતા.

(૨૨) તો આપ લોગો પર વાજિબ છે કે, શુરૂઆતથી આજ તક, જે મરતબાના સાહેબોને સદમો પહોંચો છે, તેની માઅરેફત રાખી સબક લે.

(૨૩) અગર એ લોગો પર જે ગમો અંદોહ હતો, તેનો કિયાસ અગર તમારા ઉપર થયેલા ઝુલ્મથી કરવામાં આવે તો બિલકુલ તેની બરાબરી નહીં થઈ શકે.

(૨૪) અલ્લાહતઆલાને નઝદીક તો આ દુશ્મનોએ જે જે ગુનાહોં કીધા છે તેનો હિસાબ ગણી-ગણીને લેવામાં આવશે.

(૨૫) કોઈને પણ દુશ્મનો માંથી કિસાસ બગૈર છોડવામાં નહીં આવે, ના કે અલ્લાહતઆલા તેના વાઅદાની ખિલાફી કરશે અને સુસ્તી કરશે.

(૨૬) અય મારા રબ ! તારી તરફ તારો અદના અને હકીર બંદો વસીલો લઈને આવેલો છે, એવા મકામાતનો છે કે જે હૌઝે કૌસરનું પાની પિવડાવનાર છે.

(૨૭) તે એ છે કે, સૈ. વલીના ફરઝંદ કે, જેનું નામ હસન રાખવામાં આવું છે, એ અલ્લાહતઆલાની હિફાઝતના દાએરામાં છે.

(૨૮) જેનો અમર અલ્લાહતઆલા મુહયમેને કીધો છે, જેના હર કામમાં આ મૌલાને બહેતર તરીકા પર કિફાયત કીધા છે, કામિયાબ કીધા છે.

(૨૯) સૈ. ઝકીયુદ્દીન સાહેબ, આપ સૈ. અલી સાહેબની કબર પર દોઆ કરતા હતા કે, અલ્લાહતઆલાની રહેમત આ ઝરીહ પર નાઝિલ થાય કે જે અક્લવાલાઓને વાસ્તે હર મુસીબતના હલની જગા છે.

(૩૦) અય પરવરદિગાર ! તારા લુત્ફથી, તારા ફૈઝ નો વરસાદ તે ઝરીહ પર વરસાવ અને આપના રૂહ મુબારકને બલંદીના દરજા ચઢાવો.

(૩૧) ઔલાદે તાહા, અઈમ્મતે તાહેરીન (અ.સ.) ના હક્કથી કે, જેઓ પોતાના રબ તરફથી ખૈર હિફાઝત અને અમનમાં છે.

(૩૨) જે ઈમામોના ઉપર મારા રબની હમેશા સલવાત નાઝિલ થાય છે, તે ઝમાન તક કે, જે વક્ત સાતમા નાતિક મહેદી મૌ.કાઈમુલ કેયામહના પરચમો ઝાહિર ના થાય. ✯

---

(પેજ નં. ૫ નું બાકી)

(૫) સલામનો ------ સાથે ગહેરો રિશ્તો છે.

(૬) દરજાના સાહેબોનો મીસાક અલ્લાહતઆલા કઈ જગા પર લે છે ?

**જવાબો :** (૧) ૭૦ હઝાર ફરિશ્તાઓ (૨) નુરાની, કુદસાની અને રૂહાની આલમ (૩) હજરે અસ્વદ (૪) જુરહમ કબીલા (૫) તઆમ (૬) નૂરાની આલમમાં, ગૈબથી. ✯

**ઈલાહી કાનૂનથી ખિલાફ થાવા પર મીસાક તૂટી જાય છે.**

## અપની ઝબાન – કિસ્ત - ૧૨

હરએક કૌમની પહેચાન તેની ઝબાનથી થાય છે. ખુદાતઆલાએ પણ કુરઆને કરીમને અરબસ્તાનમાં તેના લોગોની ઝબાન યાઅની અરબીમાં નાઝિલ ફરમાવા અને તે પણ આસાન-સલીસ ઝબાનમાં. આ સાથે કુરઆનમાં તમામ અલ્ફાઝની અસલ-જડ અરબીથી નથી પણ બીજી ઝબાનોથી પણ ચંદ અલ્ફાઝ તઅલ્લુક રાખે છે. ખાસ કરીને ઈબરાની ઝબાન. યાઅની કે, કોઈ એક ઝબાનમાં બીજી મુખ્તલિફ ઝબાનોના મુહાવેરા-અલ્ફાઝ-બંદિશો શામિલ હોય છે. હમારી કૌમ જમાઅતે અલવીયહ નાજીયહની ઝબાન લિસાનુદ્દાઅવત છે. હમને ખબર છે કે, આ ઝબાનમાં ગુજરાતી સાથે અરબી, ઉર્દૂ, ફારસી અને હવે અંગ્રેજીના અલ્ફાઝ મખ્લૂત છે, મમ્ઝૂજ છે, મિલેલા છે. યાઅની કે હમારી લિસાનુદ્દાઅવત મુખ્તલિફ ઝબાનોનું મિક્ષર છે.

આ સિવાય હમેં ઘરમાં, બાઝારમાં, વેપારમાં, રિશ્તાઓમાં, બચ્ચાં સાથે, હસીં-મઝાકમાં, હલકા-ફુલકા માહૌલમાં, તહેવારમાં, ઈબાદતોમાં, હમજોલીઓ-દોસ્તો સાથે, ખુશી-ગમીમાં વગૈરહ એવા અલ્ફાઝ બોલીએ છે, જેનો કોઈ ઝબાન સાથે રિશ્તો-તઅલ્લુક હોતો નથી. ફક્ત તે ચીઝો હમારી બોલચાલમાં વરસોથી દાખિલ થયેલી છે અને કંઈ જ વિચારા બગૈર હમેં તે હાલાત અને બનાવને સમઝાવવા તેને બોલીએ છે. આ અલ્ફાઝ-મુહાવેરાને હમેં યહાઁ આ કોલમને માતહત લાવીશું. એવા અજીબો-ગરીબ અલ્ફાઝ-મુહાવરાને યાદ અપાવીને તેનો મતલબ બતાવીશું. કેટલીક એવી ચીઝો છે જે આજે હમારી ઝબાન પરથી ભુલાઈ ગઈ છે. આ કોલમના સબબ હમને તે જુની ઝબાન યાદ આવશે.

કારેઈન પાસે જો આ તરહના બાઝારૂ યા હલકા-ફુલકા અલ્ફાઝ હોય, ઈસ્તેમાલ કરતા હોય, બોલતા હોય તો તેને ૯૨૨૭૫૯૮૯૦૯ પર વોટસએપ કરી મોકલી આપશો.

**ગયા શુમારાના અલ્ફાઝ :** જિબ્બા જોડી, પડોને પાથરો, રીસ, ઊલુમ ખુલુમ, વિલંગરી.

**નવા અલ્ફાઝ :**

✷ **અલ્લક :** ઢીલું, આમને આમ લટકાવેલું.

ઈસ્તેમાલ : જો જો ! ફ્રેમ અલ્લક છે. હલ્લાવસો ના. પડી જાસે.

✷ **સટક ફાંસો :** અડધી ગાંઠ કે જેના એક છેડાના ખેંચવાથી ગાંઠ આસાનીથી ખુલી જાય.

ઈસ્તેમાલ : દોરી પાછી નિકાલવી પડસે. સટક ફાંસો મારીને મોજા અને રૂમાલ સુકાવવા મુકી દે.

✷ **વાલ્લી :** નાનો પ્યાલો, નાનો બાઉલ.

ઈસ્તેમાલ : મારા જનાને સું કામ રોરાવેચ ! વાલ્લીમાં થોડા મમરા આપી દેને.

✷ **જવલ્લે :** ખૂબ ઓછી વકત, વાર-તહેવારે.

ઈસ્તેમાલ : માંડવી પર હવે રાયન અને ગુંદા તો જવલ્લે જ જોવા મિલેચ. એક-બે અઠવાડીયા આવે તો બઉ થઈ ગયું.

✷ **ચમાટ :** ચાંટ મારવી, સઝા આપવી.

ઈસ્તેમાલ : બઉ થઈ ગયું, મસ્તીખોર છે. એના માઁ ની ચમાટ પડસે તો જ સીદો થાસે. ✫

## તિજારત



**HAATEMI COLLECTIONS**
**(AC STORE)**
All type of Ridas, Dress Materials & Readymade, Night Wears, Hand Bags & Purses, Saya-Kurta Materials & Readymade, Bohra Topi, Jazam Materials & Galicha, Gift Articles, Hajj and Umrah Ehram and all Accessories, Iddat all items, Specialist in all kind of Hadiya & Silat items.
Shop No.9, Taj Complex,
Ajwa Road, Vadodara - 390019.
**Fatema B. Bhaisaheb**
**Ph.: 9408786281 / 9998666771** ✫

**Ismat Tinwala (MA, B.Ed.)**
**25 Years** of Proficiency in
Sanskrit, Hindi & Gujarati Subjects.
**8th to 12th (GSEB, CBSE, ICSE)**
A2/103, Ali Chamber-1, 1st Floor, Taiyebi Park, Ajwa Road, Vadodara - 390019.
**Ph.: 09409156524** ✫


**જેમ વુઝૂ યા નમાઝ તૂટે તો તેને નવી કરવી પડે, તે મુજબ મીસાકના તૂટવાનો હાલ છે.**

## મુબારકબાદ

**"મિશ્કાતુલ હાદી"** દીની અખ્બારનો ઈદારો તેના તમામ કારેઈને મોહતરમના નૂરે નઝર, લખ્તે જિગર ફરઝંદો-દુખ્તરોં ને તેમના **શહરૂલ્લાહ - રમઝાનુલ મોઅઝ્ઝમ - ૧૪૪૭ ના પૂરેપૂરા ૩૦ રોઝા** રાખવા વાસ્તે ખુશદિલીથી મુબારકબાદી પૈશ કરે છે. શહીદે આઅઝમ સૈ. અલી સાહબ (આ.કુ.) ના ઈમાની ગુલિસ્તાનના આ ફૂલોં હર વક્ત મહેકતા રહે, ખિલતા રહે અને હર સાલ કામિયાબીના નવા રંગ સાથે જમાઅતનું નામ રોશન કરે.


લોખંડવાલા અબ્બાસ એમ.


રેતીવાલા અલીઅસગર એ.


પાઘડીવાલા અબ્બાસ એ


ઝરીવાલા અબ્બાસ એસ.


મરચાવાલા મુસ્તફા એમ.


સુરતવાલા ઝુલ્ફેકાર એમ.


સુરતવાલા અલીઅબ્બાસ એન.


ખોખવાલા ઝોહેર એચ.


ટીનવાલા અરસલાન એમ.


કાચવાલા નોઅમાન એ.


લોખંડવાલા ઝયનબ એ.


ઇલેક્ટ્રીકવાલા ફાતેમા એચ.


કેનવાલા આસીયા એફ.


ફેન્સીવાલા લામેઆ એ.


સૂરતવાલા સકીના એમ.


બદરી ઝહેરા એ.


અવાખલવાલા ઝોયા એમ.


ડભોઇવાલા મરયમ એ.


કેનવાલા આલીયા એફ.


સોરંગવાલા ઝહેરા એ.


સુરતી ઝહેરા ટી.


રાજપીપલાવાલા ઝેનબ એ.

## અક્લમંદ કૌન ?

- પોતાના ઇમામ સાથે વફાદારી રાખે.
- પોતાના સીનાને રાઝનું સંદૂક બનાવે.
- પોતાની ઝબાનને કૈદમાં રાખે.
- પોતાના બચ્ચાઓને નસીહત કરે, સબક આપે.
- પોતાની રોઝીને સાચવે.
- પોતાના હાથને અમાનતદાર બનાવે.
- પોતાના વાલેદૈનને સરઆઁખો પર રાખે.
- પોતાના ઘરને ઇબાદતથી રોશન કરે. ☆

**હાલના ઝમાનમાં દાઈયુઝ્ઝમાન આકા મૌલા (ત.ઉ.શ.), ઈમામુઝ્ઝમાન (અ.સ.) તરફથી લોગોનો મીસાક લે છે.**

**મીસાકના સાહેબ જ કહી શકે કે, કોનો મીસાક બરકરાર છે કે ક્યા શખ્સનો મીસાક તૂટી ગયો છે.**

# સલામ – અદના કિસ્મો
## કિસ્ત - ૩

**" સલામ "** વાસ્તે ૭ આઅલા કિસ્મ શરીઅતના ૭ ફરઝો-અરકાન મુજબ છે જેના ઉપર ચાલવું હર મુમિન પર લાઝિમ બને છે. આ ૭ કિસ્મનો રિશ્તો અને તઅલ્લુક અલ્લાહતઆલા અને તેના ફરિશ્તા સાથે હોય છે. આ આઅલા કિસ્મોને સાથે-સાથે ૧ ૨ અદના કિસ્મો પણ હોય છે જે શરીઅતની ૧ ૨ સુન્નતો તરફ ઈશારો કરે છે. આનો રિશ્તો-નાતો બશર-ઈન્સાન સાથે હોય છે. આઅલા કિસ્મ રૂહાની આલમ સાથે તઅલ્લુક રાખે છે અને અદના કિસ્મ જિસ્માની આલમ સાથે જોડાણ રાખે છે. ગયા શુમારામાં હમેં કારેઈનને ઈફ્તેતાહીયહમાં **" સલામ "** ના મઝમૂન માતહત ૭ આઅલા કિસ્મોની બયાની કરી ચુકા છે. આ શુમારામાં ૧ ૨ કિસ્મોમાંથી બીજી કિસ્મ તરફ નઝર કરીશું.

➙ **૧૨ અદના કિસ્મો :**

(૨) સૂરતુન્નૂરમાં અલ્લાહતઆલા ફરમાવે છે કે, ફઈઝા દખલતુમ બુયૂતન ફસલ્લેમૂ અલા અન્ફોસેકુમ તહીયતમ મિન ઈન્દિલ્લાહ, મુબારકતન તૈયેબતન - યાઅની કે, જે વક્ત તમેં ઘરોંમાં દાખિલ થાવ, તો તમેં ખુદ તમારા ઉપર સલામ પઢો, જે અલ્લાહતઆલા તરફથી પાક, મુબારક તહીયત છે.

દીને ઈસ્લામ, અહલે જહાન વાસ્તે રસૂલુલ્લાહ બાવાજીના હાથ પર ઈબ્તેદા થયું તે પહેલા મદીનાના લોગોમાં બદ આદત એવી હતી કે, તેઓના દરમિયાન કોઈ આંધલા, લંગડા, માઅઝૂર, કમ્ઝોર યા બીમાર હોય તો એના સાથે બેસીને જમન જમતા નહીં, એહતેરામ સાથે બોલાવતા નહી અને જો કોઈ નાગહાની ચીઝ બને તો એની ખૂબ બેઈઝઝતી કરતા. તેઓના ઝહેનમાં એમ બદખયાલી હતી કે, આંધલા-નાબીનાને સૂઝબુઝ હોય ના, લુલા-લંગડા બોલાવવાથી જલ્દી આવે ના અને બીમાર-કમ્ઝોર હોય એ બરાબર વાત કરે ના યા જમે ના. તો જે વખ્ત આપસમાં એકઠા થાય, જમાઅ થાય અને જમન જમવામાં એકબીજાને બરાબર હિસ્સો મિલે ના, તે સબબ એવા માઅઝૂર-માઅયૂબ શખ્સોને સાથે લેવામાં પરહૈઝ કરતા, કરાહીયત કરતા.

પછી રસૂલુલ્લાહ બાવાજી મદીનામાં તશરીફ ફરમાઁ થયા અને લોગોને દીને ઈસ્લામની બાબરકત ચાદરથી ઢાંકી દીધા અને તેના ઈહાતામાં સાચવી લીધા, તો આપે ઉપર મઝકૂર બાબત વાસ્તે ફરમાવું કે, માઅઝૂર-બીમાર-કમ્ઝોર લોગોનો તમેં એહતેરામ કરો, સલામ પઢો, સાથે જમવા બેસાડો, વાતચીત કરો, હિસ્સેદાર બનાવો, તમારા અહલ સમઝો, તમારા ઘરના બીજા લોગો જેમ એમને રાખો. **હરએક પર સલામ બોલવો વાજિબ છે, પછી એ બીમાર હોય યા સહીહો સાલિમ હોય.**

**" સલામ "** અને **" તઆમ "** સાથે ગહેરો રિશ્તો છે. સલામ બગૈરના જમનમાં ફસાદ પૈદા થાય છે. "બિસ્મિલ્લાહ" અને "અલ-હમ્દો લિલ્લાહ", સલામના હિસ્સા છે. જે શખ્સ તેને જમન દૌરાન બોલે છે એ અલ્લાહતઆલાની રઝામંદી અને શુક્ર સાથે જોડાય જાય છે. ઘરના અહલ "તઆમ" - જમન જમતા હોય અને કોઈ મહેમાન આવે અને સલામ બોલા બગૈર દાખિલ થઈ જાય, બીજી વાતો કરવા લાગી જાય, **તો ઘરવાલાને જોઇએ કે એને એમ ના કહે કે જમવા આવો મગર ફક્ત બેસવાનું કહે.** આના ઉપરથી "તઆમ" સાથે "સલામ" ની એહમીયત માઅલૂમ પડે છે.

કરાબતવાલાઓ યા રિશ્તેદારોમાંથી જેમકે, બાવાજી, માઁ, ભાઈઓ, બહેનો, કાકાઓ, મામાઓ, માસીઓ, ફઈજીઓ યા બીજા કોઈ દોસ્તોમાંથી જમવાનું ઈઝન આવે, તો ઝરૂર જમવા જાવું જોઈએ. તેમાં મોહબ્બત વધે છે અને ઘરમાં બરકત થાય છે. ઈઝન બગૈર કોઈના ઘર પર જાવું મુનાસિબ નથી. મગર કોઈને મુસીબત આવી પડી હોય યા નુકસાન થાવાનું હોય તો તે વાસ્તે જાવું એક અખ્લાકી ફરઝ બને છે. જમવા જાય તો અલગ-અલગ નહીં, મગર સાથે બેસીને જમન જમે. ઘરમાં દાખિલ થાય તો ખુદના ઉપર અને ઘરવાલા ઉપર તહીયતો સલામ પઢે કે, જેના સબબ ઘરમાં પાકીઝગી અને બરકતો કરમનો હંગામ પૈદા થઈ શકે. ☆

**મીસાક આપા બાદ તેને તોડવો તે અઝીમ ગુનાહ છે.**

## અલ-અકાઈદુલ અલવીયહ - કિસ્ત-૩૯
## અલવી અકીદાઓ - અકીદો - ૫૫

**અકીદો - ૫૫ : આ જહાનમાં ઇન્સાનને શરીઅતની તકલીફ છે.**

હમેં એમ અકીદો રાખીએ છે કે, જહાનમાં જે શખ્સ સહીહુલ અકલ હોય, બાલિગ હોય, રાહે રાસ્ત પર ચાલનારો નૈક બખ્ત હોય, ફક્ત બાલિગ જે ઉમ્રે એહતેલામ પર પહોંચેલો હોય, એવો શખ્સ કે, જેને કોઈ તકલીફનો હુકમ કરવામાં આવે તો એ તેને બરાબર બજાવી લાવે. જો કોઈ શખ્સની અકલ અને સમઝની તાકત કમ્ઝોરીમાં તબ્દીલ થાય, તો જે એના ઉપર શરીઅતની તકલીફનો હુકમ કરવામાં આવો છે, તે સાકિત થઈ જાય, બેમાઅના થઈ જાય.

તેથી બાલિગ શખ્સ કે જે અકલની સેહત અને કમાલીયત સાથે અમલ કરવાની તાઅત-ઈસ્તેતાઅત રાખતો હોય, **એની જ ઝિંદગી બરાબર, તમામ અને કામિલ થાય.** જો આ ઉંમરમાં એ ફિક્ર ના કરે અને શરીઅતે એને જે તન્બીહ કીધી છે, તેના ઉપર ના ચાલે તો એની આદમીયતની હદમાં, સિફતમાં અને ઈઝઝત પર એક તરહનો પડદો પડી જાય છે.

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, જે વક્ત તમારા બચ્ચાઓ બુલૂગીયતની ઉમર પર પહોંચે, શુઊર આવે, એહતેલામવાલા મોટા થાય, તમીઝો તહેઝીબ સમઝે, તો એમને હર ચીઝમાં એમના મ્હોટાઓની ઈજાઝત લેવી જોઈએ. શરીઅતના આઅમાલની તકલીફ ઉચકવી જોઈએ કે, જેથી શરીઅતના સાહેબ-અલ્લાહતઆલાના વલી તેઓથી ખુશ થાય, રઝામંદ થાય. આ તરહનો અમલ તેઓના પહેલે જે તેઓમાંથી મોટાઓ હતા, એમને કીધેલો છે. આ જ મુજબ અલ્લાહતઆલા તમારા વાસ્તે તેની આયતોને વાઝેહ કરે છે, ખુલ્લી કરે છે. અલ્લાહતઆલા ઈલ્મવાલો છે, હિકમતવાલો છે.

યહાઁ ફક્ત કોઈની ઘરમાં દાખિલ થાવાની વાત નથી, મગર ઘર એક તરહની શરીઅત છે. તેની તકલીફ એ છે કે, તેના કાયદા-કાનૂનને રઝામંદીથી અપનાવવાની એક ઝિમ્મેદારી અને વફાદારી છે. ઘરનો વકાર, ઈઝઝત અને મોભો સાચવવો હરએક ઘરવાલા વાસ્તે ઝરૂરી છે. તેના કાયદા કઈ બોઝ નથી પણ બંદિશ બનાવી રાખે છે. શરીઅત અને તેને માનનારના અક્લો અમલની સેહત તેમાં છે કે, તેના હલાલો હરામને અપનાવવાની તકલીફ ઉઠાવવામાં આવે. આની તકલીફ બચ્ચાઓની તે ઉંમરથી શુરૂ થાય છે જે વક્ત તેઓ એહતેલામની ઉંમર, બુલૂગીયતની ઉંમર પર પહોંચે છે, તે બે તરહની છે : **(૧) અકલી અને (૨) બદની.** (૧) અકલી તકલીફ તે છે કે, જેના તરફ એ મોહતાજ હોય તેમાં ફિકર કરીને, સોચી-વિચારીને એના ઝહેનમાં જે અંદરૂની છુપાયેલી વાત હોય તેને અમલમાં લાવે. (૨) બદની તકલીફ તે છે કે, એના ઝાહિરી જિસ્માની આઅઝાઓ જે લોગોને નઝર આવે છે તેને હરકતમાં લાવીને, અમલમાં મુકીને ઝાહિર કરે.

હવે અગર ઝાહિરમાં નઝર કરવામાં આવે તો આદમીનો દેખાવ એના મુનાસિબ હોય છે કે, જેનો શરીઅતમાં ઝાહિર કરવાનો હુકમ કરવામાં આવો છે. જેના વાસ્તે અલ્લાહતઆલાએ સવાબ યા અઝાબને મુકર્રર કીધેલો છે. જે ઝાહિર નથી પણ અકલથી સોચે છે અને આ ચીઝ એના એન એના ખાલિકને દરમિયાન છે જે એનાથી છુપેલું નથી અને એ બાલિગ મરદ તેને જાણે છે કે, દુનિયામાં અને અલ્લાહતઆલાના નઝદીક જે એની કદરો મંઝેલત છે, તે એની કોશિશ અને મશક્કતના વઝન-મિકદાર મુજબ છે. આ ચીઝો એના અકલ અને જિસ્માની કામોથી ઝાહિર થાય છે.

(બકીયહ પેજ નં. ૧૬ પર)

**જે લોગોમાં આલે મોહંમદ (અ.સ.) ના ઈમામ નસ-બ-નસ કાઈમ થાતા આવા છે, તે જ જગા મીસાકની સુન્નત છે.**

## ખાલિક કા જો વલી હે, નબી કા વઝીર હૈ

ખુશ મુમેનીન આજ હે ઈદે ગદીર હે,
ખાલિક કા જો વલી હે, નબી કા વઝીર હે.
હે આજ મુસ્તફાને અલી કો વસી કિયા,
ખુશ હો કે કહ રહા યે સગીરો કબીર હે.
હલ્લાલે મુશ્કિલાત અલી હે જહાન મેં,
યે કુલ કા રહેનુમા હે જહાઁ કા અમીર હે.
મેઅરાજ મેં કહા યે ખુદાને રસૂલ કો,
હાફિઝ અલી કા ખુલ્ક મેં રબ્બે કદીર હે.
કોઈ નહીં અલી કે બરાબર જહાન મેં,
સરદાર દો જહાઁ કા ફલક પર શહીર હે.
યે આફતાબે દીન હે, હે શૈરે કિબરિયા,
કૌનૈન મેં નબી કા વસી બેનઝીર હે.
રૂહુલ અમીં ને આકે કહા યે રસૂલ સે,
જિબરીલ લાયા હુક્મે ખુદાએ મુનીર હે.
બસ આજ તુમ અલી કો કરો અપના જાઁનશીં,
યે કુલ કા રહેનુમા હે નબી કા ઝહીર હે.
કુરઆઁ હે સુલ્સે વસફે જનાબે અમીર મેં,
આગાહ ઈસ સે ખલ્ક મેં બરનાઓ પીર હે.
જો હોગા ઔર હુવા હે જહાને ખરાબ મેં,
માઅલૂમ સબ હે ઉસ કો વો રોશન ઝમીર હે.
કાઈલ નહીં હે જો કે અલી કા જહાન મેં,
નઝદીક વો ખુદાઓ નબી કે હકીર હે.
યાસીન મેં ઈમામે મુબીં હકકને હે કહા,
આગાહ માઁ કે બત્ન મેં તિફલો સગીર હે.
હમનામે કિર્દગાર હે ઔર હકક કા હે વલી,
દોનોં જહાઁ મેં સબકા વહીં દસ્તગીર હે.
શાહોં કે સર કા તાજ હે ઔર ફખરે ઔલિયા,
દરવાઝએ અલી કા કોઈ ગર ફકીર હે.
હોગા ન દો જહાન કા મુમિન તુઝે અલમ,
તેરી મદદ કો કાફી જનાબે અમીર હે. ✯

## ચાદર તેરી તુરબત પર અય ભય્યા ચઢાઉંગી.

તુરબત પે મૈં ભાઈ કે સર જબ કે ઝુકાઉંગી,
અય કરબોબલા તુઝકો મૈં દિલ સે દોઆ દુંગી,
તુરબત પે મૈં ભાઈ કે સર જબ કે ઝુકાઉંગી.
કહેતી થી યે ઝયનબ કે, મૈં અશ્કોં કે ફૂલોં કી,
ચાદર તેરી તુરબત પર, અય ભાઈ ચઢાઉંગી,
તુરબત પે મૈં ભાઈ કે સર જબ કે ઝુકાઉંગી.
યાદ આએગી અય ભય્યા, જબ યાદ તેરી મુઝકો,
મૈં ફાતેહા તેરા તબ, પાની પે પઢાઉંગી,
તુરબત પે મૈં ભાઈ કે સર જબ કે ઝુકાઉંગી.
ઝયનબ ને કહા ઉઠ જા, અય શિમ્ર તું સીને સે,
છાતી સે લગા કર મૈં, ભાઈ કી બલા લુંગી,
તુરબત પે મૈં ભાઈ કે સર જબ કે ઝુકાઉંગી.
હે સામને આઁખોં કે, તસ્વીર હે પ્યારે કી,
બેશીર વો અસ્ગર કો, કિસ તરહ ભુલાઉંગી,
તુરબત પે મૈં ભાઈ કે સર જબ કે ઝુકાઉંગી.
સીને પે સિના ખા કર, અકબર ભી હુવા રાહી,
અરમાન થા બેટે કા, મૈં બિયાહ રચાઉંગી,
તુરબત પે મૈં ભાઈ કે સર જબ કે ઝુકાઉંગી.
શાદી મેં સકીના કી, ક્યા મુઝ કો ખબર થી કે,
યૂં ખૂન કી હાથોં મેં, મહેંદી મૈં લગાઉંગી,
તુરબત પે મૈં ભાઈ કે સર જબ કે ઝુકાઉંગી.
બાંધે હૈં મેરે બાઝૂ, લે લી હે રિદા મેરી,
બાલોં સે અય ભય્યા મૈં, મૂઁહ અપના છિપાઉંગી,
તુરબત પે મૈં ભાઈ કે સર જબ કે ઝુકાઉંગી.
જબ તક કે જીઉંગી મૈં, અય ભય્યા તુમ્હારી યે,
મજલિસ મેં રચાઉંગી, નૌહા મૈં પઢાઉંગી,
તુરબત પે મૈં ભાઈ કે સર જબ કે ઝુકાઉંગી.
કહેતી થી અય રાગિબ યે, ઝયનબ કે મૈં બિન ભાઈ,
કિસ તરહ જીઉં રો-ર,ો જો અપની ગઁવાઉંગી,
તુરબત પે મૈં ભાઈ કે સર જબ કે ઝુકાઉંગી.. ✯

**આ ફાની જહાનમાં મીસાક ને વફા કરનાર કરતા મીસાકની બેવફાઈ કરનાર લોગો ઝિયાદહ હોય છે.**

(પેજ નં. ૧૪ નું બાકી)

આનાથી એ તો સાબિત જ છે કે, અલ્લાહતઆલા એના ઝાહિર યા બાતિનના આઅમાલની તકલીફને જાણે છે, કેમકે કુરઆને કરીમમાં આયતે શરીફહ છે કે, "તમેં જાણી લો કે, તમારા જાનોમાં જે કઈ છે, બાતિનમાં છે, તેને અલ્લાહતઆલા બાખૂબી જાણે જ છે, તે સબબ તમેં તેનાથી ડરતા રહો અને તે પણ જાણી લો કે, અલ્લાહતઆલા ખતાઓને મુઆફ કરનાર છે, બુર્દબારી કરનાર છે." તકલીફ ઈન્સાની પૈદાઈશ પર મુકવામાં આવેલી છે કે જે જિસ્મ અને રૂહથી એ બનેલો છે. **એના જિસ્મ પર આઅમાલની તકલીફ છે અને એની રૂહ પર તેને સમઝવાની તકલીફ છે.** જો કોઈ શખ્સ જિસ્માની તૌરથી સહીહો સાલિમ હોય અને તકલીફે આઅમાલ બરાબર બજા લાવે મગર તકલીફે માઅરેફત કે જે એની અક્લ પર વાજિબ છે, તેના તરફ ધ્યાન ના આપે, તો એનાથી ઘણો મોટો કુસૂર થઈ જાશે. જેમ રૂહ બગૈરનું જિસ્મ નાકામ થઈ જાય છે, તેમ માઅરેફત બગૈરનો અમલ નાકામ થઈ જાય છે. કોઈ પણ નફ્સને તેની તાકત સિવાય યા બરદાશ્ત કરવાની હદ સિવાય તકલીફ અપાઈ જ નથી. શરીઅતને માનવા અને સમઝવા વાસ્તે ઈન્સાનનું જિસ્મ અને રૂહ કાફી છે. અલ્લાહતઆલા એવી શરીઅત બનાવે જ નહીં યા તે મુજબ અમલ કરવાનું કહે જ નહીં કે, જેના બોઝના માતહત ઈન્સાન એટલો તો બેબસ થઈ જાય કે, દીન જ છોડી દે. આ દુનિયાની બિના દીન ઉપર છે અને દીનની તકલીફની બિના ઈન્સાની અક્લ અને બદન પર છે. ✯

**મીસાકના સબબ મરહૂમની નજાત થાય છે.**

## પૈગામે મસર્રત

**કારેઈન સાલેહીન ને ઝુલ હિજ્જતિલ હરામ મહીનાની બે ઈદો – ઈદુઝ્ઝબીહત (૧૦મી તારીખ) અને ઈદુલ વલાયત (૧૮મી તારીખ) ની ઈબાદત, નેઅમત અને સઆદતની ખુશી-ખુર્રમી મુબારક થાય. ઝબીહત અને વલાયત તે મીસાકનો અહમ હિસ્સો છે. આ ઈદની મસર્રત તે છે કે, જેમાં મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની દરજએ વસાયત પર કાઈમ-મકામી અને તાજપોશી હમારા દીન અને ઈમાનની બલંદીનો સબબ બનેલી છે.** ✯

દુનિયામાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ગદીરે ખુમ્મના મેદાનમાં મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) વાસ્તે જે મીસાક લીધો, તે તમામ કરતા ભારી અને અહમ હતો.

**નોંધ :** મુમેનીનના ઘરોમાં અસ-સહીફતુલ અલવીયહ, અસ્હાબુલ યમીન, કિતાબુલ વસાયા, અલવી અકીદાઓની કિતાબ અને **A Neo-Fatemid Treasury of Books** (Olly Akkerman) કિતાબો હોવી ખૂબ ઝરૂરી છે કે જેની તફતીશ મીસાક યા નિકાહની અરઝ પહેલા કરવામાં આવશે. ✯

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૨૦/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **શૈખ ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા, વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.